## 'વાર્તા'ક્ષમ રચનાઓ | વિજય શાસ્ત્રી

[**પારિજાતક** (વાર્તાસંગ્રહ) : લે. હેમાંગિની રાનડે, પ્રકાશક : પ્રફુલ્લ રાવલ, પ્રકાશનમંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯, પહેલી આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૯૯, કિં. રૂ. ૧૪૦/-]

શ્રીમતી હેમાંગિની રાનડે સવ્યસાચી લેખિકા છે. હિન્દીમાં લેખનપ્રારંભ કર્યા બાદ ગુજરાતીમાં તેમણે વાર્તાલેખન શરૂ કર્યું એટલું જ નહિ, એમની 'ઉનાળો' વાર્તાને પ્રતિષ્ઠિત 'કથા'-એવૉર્ડ પણ સાંપડ્યો. આ વાર્તાસંગ્રહમાં કુલ સોળ રચનાઓ છે જેમાંની મોટાભાગની 'નવનીત-સમર્પણ' અને 'ગદ્યપર્વ' જેવાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પૂર્વપ્રકાશિત થઈ ચૂકી છે. સંગ્રહના પ્રકાશકીય નિવેદનમાં પારુલ કંદર્પ દેસાઈએ આપેલાં નિરીક્ષણો –

'આ વાર્તાઓમાં નારીચેતનાનાં વિવિધ રૂપો આલેખાયાં છે. સાથે બાળમન તેમજ આધેડ વયના મનુષ્યોનાં સંવેદનો નિરૂપતી વાર્તાઓ પણ મળે છે. વિષયવસ્તુની યોગ્ય માવજત, સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને ભાષાની તાજગીને કારણે તેમની વાર્તાઓમાં રસ પડે છે.' ('પારિજાતક' પૃ. ૩.) સાથે, વાર્તાઓમાંથી પસાર થયા બાદ કશા ખચકાટ વગર સંમત થવાય તેમ છે.

૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો તે સાથે જ તેના ભાગલા પડ્યા અને વિસ્થાપિત કુટુંબો સંપૂર્ણ વેરવિખેર થઈ ગયાં. જૂના સંસ્કારો સાચવીને ઉછરેલી પ્રજાનો નવ્ય સંસ્કારો સાથે મેળ પડ્યો નહીં. પરિણામે રાહત અને તેની દાદીમાનાં પાત્રોની જે ત્રિશંકુ સ્થિતિ થઈ તેનું આલેખન પૂરા અભિનિવેશથી થયું છે. અહીં એવી કરુણતા છે જેને કોઈ છેડો નથી અને છેડો નથી તેથી જ તે કરુણ-તર અને કરુણ-તમ બની રહે છે. લેખિકા આખી બદલાઈ ગયેલી સ્થિતિનો ચિતાર આલેખે છે ત્યારનો કાકુ અને ભાષાનો પ્રયોગ અકળાવનારી પરિસ્થિતિને તંતોતંત વ્યક્ત કરે છે –

'પણ જમાના બદલાયા હતા, મૂલ્યો બદલાયાં હતાં, માન્યતાઓ પણ બદલાઈ ગઈ હતી. આ દેશમાં નવો દેશ છે, વિચારધારા નવીન છે. આદર્શ હવે વાસી થઈ ગયા છે. વિવિધતાનો યુગ છે. તમારે માટે, આદર્શનો ઢંઢેરો ફૂટવાવાળાઓ માટે અમારે ત્યાં જગ્યા નથી. માફ કરો બાઈ, તમે તમારે રસ્તે જાઓ, અમને ત્રાસ ન આપો.' ('પારિજાતક' પૃ. ૧૫)

'બેસ્ટ ફ્રેન્ડ'નાં બે બાળપાત્રોની બાળસહજ ગતિવિધિ સુજ્ઞ વાચકને ટૉલ્સ્ટૉયની 'Little Girls Wiser Than Men' વાર્તાનું સ્મરણ કરાવે એવી છે. 'બિચારી'ની ઉષા પોતાની બાળસખી શુભાના અકાળ વૈધવ્યના સમાચારથી વ્યથિત અને ચિંતિત બનીને જીવે છે પણ શુભા તો જાણે કશું જ ન થયું હોય એમ સુમંગલાબહેને યોજેલી પાર્ટીમાં જલસા કરે છે ! શુભાના વૈધવ્યથી શુભા પોતે દુઃખી નથી પણ તેની સખી ઉષા દુઃખી થતી રહે છે. આપણે જેને ખાતર વ્યથિત થતા હોઈએ એ જણ પોતાને ખાતર પણ વ્યથિત નથી હોતું એ વક્રતા વિવિધ ઘટનાઓના સંદર્ભો યોજીને લેખિકાએ પ્રગટ કરી છે. આધુનિક માનવસંબંધોનું આવું રૂપ પણ છે ! 'ઉનાળો' કથા-એવૉર્ડથી વિભૂષિત રચના અનેકકેન્દ્રી હોવા છતાં બધાં કેન્દ્રોનું એકત્રીકરણ કથાનાયકના પાત્રમાં થાય છે. બીમાર બાપુજી, દોરીથી બાંધી રાખેલું અબોધ બાળક, લલચાવતી કાકી આ બધાંથી આવૃત્ત કથાનાયકની ત્રિજ્યાઓ એકથી વધુ સ્થળે પ્રસરી છે. અંતે બાળકનું અકસ્માતમાં મરણ થાય છે ત્યારે 'પાતળા સળિયા જેવા હાથની ઉઘાડી હથેળી કશીક યાચના કરતી પડી છે. આજુબાજુ ગરમ ડામર પર ચમકતા, લાલ ચણોઠી જેવા લોહીના છાંટા' (પૃ. ૩૫.) આખું વર્ણન એકબે લસરકામાત્રથી જે એક કદર્ય ચિત્ર રચે છે તેમાં ચોક્કસ વીગતોની પસંદગીથી વર્ણનને સશક્ત બનાવવાની હેમાંગિનીબહેનની શક્તિની પ્રતીતિ થાય છે. વર્ણનોનો પણ એક રસ હોય છે.

બાળમાનસના પ્રવર્તનને વિષય બનાવતી એક રચના 'બેસ્ટ ફ્રેન્ડ' છે તો બીજી 'જુદાઈની ક્ષણ' છે. મોટેરાંઓ વ્યવહારવ્યસ્ત મને-કમને રહે છે ત્યારે બાળક હિજરાય છે. 'હત્યા'ની કદરૂપી નાયિકાના બહાર તો શત્રુઓ છે જ પણ છેવટે એ પોતાની પરમ સખીની હત્યા કરે છે એ આખું નિરૂપણ પરાવાસ્તવના માધ્યમથી સ્વપીડનની વાતને તાકે છે. લગભગ બત્રીસ પૃષ્ઠોમાં વિસ્તરેલી 'પાશ' લાંબી ટૂંકી વાર્તા છે. વસુંધરાના આયખાની વિવિધ કડીઓ તેમાં વિવિધ પાત્રો સાથે સંકળાયેલી છે. વસુંધરાના જીવનમાં તેના સ્ત્રીત્વને કોરી ખાય એવું ઘણું ઘણું બની ગયું છે. છેવટે એના સુખદુઃખના સાથી અને સાક્ષી એવા થાંભલાને, નવા મકાન માટે ઉન્મૂલ કરી દેવાનો છે. આ થાંભલાના ઉન્મૂલન સાથે વસુંધરાનો સમસ્ત ભૂતકાળ ગૂંથાયેલો છે. ભૂતકાળને હાંકી કાઢવો દુષ્કર છે એનો સંકેત હોય તેમ થાંભલો બહુ મુશ્કેલીએ નીકળી આવે છે ત્યારે વસુંધરા પોતાને અને અન્યોને નવો સંદેશ આપતી હોય તેમ અનિલને ત્યાં થયેલા પુત્રજન્મની ઉજવણી અર્થે કંસાર રાંધવા બેસે છે એ વિશે લેખિકા નોંધે છે : 'ના, પાછા વળીને એ હવે નહિ જુવે. ભૂતકાળ પાછો નથી આવતો. હવે તો આગળ જવાનું છે. આગળ જીવન છે ને ?' (પૃ. ૯૬-૯૭) 'પારિજાતક'ની અમ્મા પણ સ્વપ્નભંગ પામેલી સ્ત્રી છે. પતિને ફક્ત તેના શરીરમાં જ રસ છે જ્યારે તે પુત્રીને આપવીતી સંભળાવે છે ત્યારે પુત્રી પણ 'પાશ'ની વસુંધરાની જેમ ભૂતકાળને પાછળ મૂકી 'વીતેલા જીવનનું કશુંયે હું લેવા નો'તી માગતી' (પૃ. ૧૦૬)નો સંકલ્પ કરી આગળ વધે છે. 'પારિજાતક' વાર્તા પછી તરતના ક્રમે આવતી 'શરીર' વાર્તામાં પણ એક પાત્ર 'પારિજાતક'ની અમ્માની જેમ શ્વસુરગૃહે ફક્ત શરીરની આવશ્યકતા રખાતી હોઈ 'એ લોકોએ મને એક શરીર બનાવી દીધી છે' (પૃ. ૧૧૮)ની ફક્ત અને ફક્ત સ્ત્રીની જ હોઈ શકે એવી પીડાથી વ્યથિત છે.

સૌથી વધુ અપીલ ધરાવતી (મારે માટે) વાર્તા તો છે 'શરૂઆત.' દીકરાને ઘેર શહેરી વ્યવસ્થામાં અનુકૂલન સાધી ન શકતા વૃદ્ધ દવેજીના મનમાં થોડી (ઘણી) કડવાશ પ્રવેશી ગઈ છે પણ અનાયાસે અને સહજતાથી જ કેટલીક ઘટનાઓ અને કેટલાંક પાત્રો સાથે તેઓ સંકળાય છે કે જેથી તેમનું માનસપરિવર્તન થાય છે. અંગ્રેજીમાં જેને Initiation Story તરીકે ઓળખવામાં આવે છે એવી આ રચના ખરે જ હૃદયસ્પર્શી તેના સહજતાભર્યા આલેખનથી બની છે. 'ગર્વ'ના શંકરલાલ પોતે જ, ત્યજાયેલા બાળકના બાપ છે એવો અવૈધ સંબંધનો સંકેત વાર્તાક્ષમ બન્યો છે તો 'અણસાર'ની વિની ભર્યાભાદર્યા પરિવારમાં એકલતા અનુભવે છે પણ નવજાત શિશુમાં પોતાનો (ને પરિવારના અન્ય સભ્યોનો પણ) અણસાર જોતાં 'આ નાનકડા જીવે બધાંને બાંધી રાખ્યાં છે, એક અદશ્ય દોર વડે...' (પૃ. ૧૭૨)ની સુખદ અનુભૂતિમાં સરી પડે છે. 'મુલાકાત' એક 'વિરલ પળ'ના ચૂકી જવાની વાતો છે. અંતરની ઝંખનાને નકારી કાઢવાથી ચૂકી જવાતી એક, ફક્ત એક પળનો ઓછાપો સમગ્ર જીવન પર પડતો રહે છે. 'લગ્ન પછીના શુષ્ક પર્વ' (પૃ. ૧૯૦)ને વેઠી રહેલી નાયિકા વિગતકાલીન પ્રેમી નરેન્દ્રનાં સ્મરણોમાં ખોવાઈ જાય છે તે જ ક્ષણોમાં તેની સાહેલીના ફોનથી સમાચાર મળે છે કે નરેન્દ્ર બે વરસ

પહેલાં મૃત્યુ પામ્યો છે.’ રચના જીવનના કેટલાક મર્મો ઉપસાવવા સાથે વાર્તાક્ષમ પણ બની છે. આ પ્રકારનું આકસ્મિક ઘટનાઓનું નિરૂપણ ઉન્નતભ્રૂ ભાવકવિવેચકને કદાચ ભડકાવે પણ ‘વાર્તા’ માટે જરૂરી છે.